# કોણ વધુ કમાય.. સ્માર્ટ-હેન્ડસમ કે પછી ખરો મહેનતુ ?

## બડો પેચીદો છતાં જિજ્ઞાસા જગાડે એવો આ સવાલ છે. એના જવાબ પાછળનાં કારણ પણ એટલાં જ મઝાનાં છે...!

**ક્લોઝ-અપ જિંદગી**
★ ભરત ઘેલાણી

'એક નૂર આદમી હજાર નૂર કપડાં'વાળી ઉક્તિ બહુ જાણીતી છે. આમ તો આ અને બીજી અનેક ઉક્તિઓ અધૂરી હોય છે . ઘણી વાર એ પૂરી લખાય કે બોલાય ત્યારે પણ એ બદલાતી રહે છે. ઉદાહરણ તરીકે ઉપરોક્ત ઉક્તિ મૂળ આવી છે :

'એક નૂર આદમી ને દસ નૂર કપડાં. હજાર નૂર ઘરેણાં ને લાખ નૂર નખરાં!'

આના જેવી અનેક અધૂરી કે ખોટી રીતે રજૂ થતી કહેવત-ઉક્તિઓ વિશે ખ્યાતનામ લેખક ચન્દ્રકાંત બક્ષીએ બહુ સરસ-સચોટ વિશ્લેષણ કર્યું છે.

ખેર, એ વિશે ફરી ક્યારેક. અત્યારે તો અહીં ટાંકેલી ઉક્તિ મુજબ 'એક નૂર આદમી કે પછી દસ નૂર કપડાં'ની જેમ આજે લોકો એ પણ પૂછી રહ્યા છે :

'કોણ વધુ કમાય હેન્ડસમ-સ્માર્ટ- ઈન્ટેલિજન્ટ કે વધુ મહેનત કરનારી વ્યક્તિ?'

આમ તો આપણી સમજણ કહે છે કે 'ફાવ્યો વખણાય' તેમ છતાં તમારી વાક્છટા-રજૂઆત-સોહામણો દેખાવ કે સતેજ બુદ્ધિ પણ અમુક અંશે તમને નવી જોબ અપાવી શકે કે પછી તમારી ઉપાર્જન ક્ષમતા વધારી શકે છે.



ગદર્ભની જેમ સતત કામ કરવાથી નથી સફળતા મળતી - નથી ઉન્નતિ થતી



ચાલો, આ તો એક મુદ્દો થયો દેખાવનો, જેના પ્રતાપે દેખાવે-રીતભાતમાં સ્માર્ટ વ્યક્તિને તુરંત કામ મળી જાય-આવક વધે, પણ આગળ શું? દરેક વખતે રૂપાળો ચહેરો કામ ન પણ લાગે. દિવસના અંતે આખરે તો દરેક બોસને તમારાં કામનું પરિણામ જોઈએ. બીજા શબ્દોમાં, સોહામણા ચહેરા સાથે પણ આકરી મહેનત તો કરવી જ પડે. વિશ્વવિજેતા નેપોલિયનનું એક જાણીતું વાક્ય છે : 'મને યુદ્ધ જીતાડી શકે એવો સેનાપતિ જોઈએ. પછી એ કદરૂપો હશે તો પણ ચાલશે!'

હવે બીજો પ્રશ્ન જાગે: આકરી મહેનત તો ઘણાય કરે છે છતાં જોઈએ તેવી ફળતી કેમ નથી? એનો તાર્કિક ઉત્તર એ છે કે માત્ર ઊંધું ઘાલીને 'રાઉન્ડ ધ ક્લોક'- ઘડિયાળના કાંટે જહેમત કરતાં રહો તો એ કારગત ન પણ નીવડે. ઓફિસ ડેસ્ક પર તમારી સતત હાજરી બોસને ગમે ખરી પણ એથી બોસનો કે તમારો હેતુ ન સરે. મહેનત તો ગદર્ભ પણ કરે છે પરંતુ ગદર્ભ અને અશ્વની કામગીરીમાં ખાસ્સો ફરક છે. અહીં તમારે ગધેડા ઓછા અને ઘોડા વધુ થવું પડે!

-તો પછી 'હાર્ડ વર્ક વર્સિસ સ્માર્ટ વર્ક'ની તુલના કરીને એ બન્નેમાંથી બહેતર શું?'

એ વિશે તાજેતરના એક સર્વેનાં અમુક તારણ રસપ્રદ છે, જેમ કે હેન્ડસમ-રૂપાળા ચહેરાને બાજુએ ખસેડીને સ્માર્ટ-ઈન્ટેલિજન્ટ વ્યક્તિની ખામી- ખૂબીઓ પર આવીએ તો આવી વ્યક્તિ પોતાની ખૂબીનો કેવો સચોટ ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવો એથી ખુદ પરિચિત હોય છે. એ પોતાને નવી ટેક્નોલોજીથી હરહંમેશાં અવગત રાખે છે. કરિયર માટે ક્યા સમયે ક્યો નિર્ણય લેવો એની આ ઈન્ટેલિજન્ટ -સ્માર્ટ આદમીને પૂરતી સૂઝ હોય છે. જરૂર પડે ત્યારે એને રિસ્ક લેતા પણ આવડે છે અને લે પણ છે. પરિસ્થિતિનો બરાબર કયાસ કાઢીને જે ઉકેલ શોધી કાઢે એને સફળતા મળે છે.



સોહામણા હોવાની સાથે તમે કામકાજમાં પણ સ્માર્ટનેસ દેખાડો તો સફળતાનો ગુણાકાર થાય

ઉપરોક્ત સર્વેમાં વિશ્વના સૌથી શ્રીમંત ઈલોન મસ્કનો વિશેષ ઉલ્લેખ થયો છે. મસ્કને 2 વર્ષ પહેલાં 2021માં અમેરિકન સાપ્તાહિક 'ટાઈમ' તરફથી 'પર્સન ઓફ ધ યર' અવોર્ડ એનાયત પણ થયો હતો. સર્વે કહે છે કે, માત્ર એકલી અવિરત મહેનત કે પછી માત્ર સ્માર્ટ થવાથી જોઈતી સફળતા મળતી નથી. આ સર્વે ઈલોન મસ્કનું ઉદાહરણ ટાંકીને કહે છે કે, એ સફળ એટલા માટે થયો છે (અને હજુ પણ થઈ રહ્યો છે) કે હાર્ડ વર્ક ઉપરાંત સ્માર્ટનેસ બન્નેનો એ બખૂબી ઉપયોગ કરી જાણે છે. બરછટ ભાષામાં કહીએ તો ઈલોન મસ્ક ખરા અર્થમાં 'જુગાડ' કરી શકે છે!

આવાં સર્વે તથા નિષ્ણાતોના પૃથક્કરણ પછી એક નવી વાત પણ જાણવા મળી. તમે હેન્ડસમ-સ્માર્ટ- ઈન્ટેલિજન્ટ કે મહેનતુ સુદ્ધાં હો તો પણ એક ફેક્ટર-પરિબળ એવું પણ છે જે તમારી વધુ આવક માટે બાધારૂપ બની શકે. એ છે તમારું લગ્નસંબંધી સ્ટેટસ-સામાજિક દરજ્જો. બીજા શબ્દોમાં કહીએ તો તમે પરણેલા છો- કુંવારા છો કે પછી એકાકી એના પર પણ તમારી કમાણી નિર્ભર કરે છે! આપણને અહીં આશ્ચર્ય એ થાય કે આ દરજ્જાને કોઈની આવક સાથે શું લાગે-વળગે?

વેલ, અમેરિકાના 'પીવ્યુ રિસર્ચ સેન્ટર' દ્વારા થયેલાં તાજા સર્વેનાં તારણ કહે છે કે, લગ્નસંબંધથી જોડાયેલી વ્યક્તિ (પતિ કે પત્ની) કરતાં 'અનપાર્ટનર્ડ પર્સન' એટલે કે એકાકી પુરષ કે સ્ત્રી સરેરાશ ઓછી આવક ધરાવતી હોય છે. સંશોધન એ પણ ઉમેરે છે કે આવી ઓછી આવક ધરાવતી 'સિંગલ' વ્યક્તિઓની વસતિ અત્યારે 29% માંથી વધીને 38% સુધી પહોંચી ગઈ છે! બીજા શબ્દોમાં તમે સ્માર્ટ-બુદ્ધિશાળી-મહેનતુ વત્તા જો પરણી ગયા હો તો તમારે ઘેર રિદ્ધિ-સિદ્ધિ જરૂર આગમન કરશે!